# શું બધા ધર્મો એક સમાન છે?

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।

ઉઠો, જાગો, જ્ઞાનીઓને પ્રાપ્ત કરી સત્યને જાણો

(કઠોપનિષદ્)

માનોજ રખિત

# શું બધા ધર્મો એક સમાન છે?

3 સંદર્ભ સૂચિ

4 પુસ્તક સમીક્ષા

6 માનવ જીવનમાં ધર્મનું સ્થાન

7 ગાંધીજીના ત્રણ વાંદરાઓ અને આપણે હિન્દુઓ

10 યહુદી ધર્મ

11 યહૂદી ધર્મના ઈશ્વરના તે કાનુન કે જે અન્ય ધર્મોના અસ્તિત્વ પર સીધા જ પ્રહાર કરે છે

12 યહૂદી ધર્મ કયા ઈશ્વર સુધી પહોંચવાનો રસ્તો દર્શાવે છે? શું તે રસ્તા દ્વારા પણ આપણે હિન્દુધર્મના ઈશ્વર સુધી પહોંચી શકીએ ખરા?

14 મૂળ તથ્ય "તમે અમારામાંના કોઈ એક નથી"

16 અમારા સિવાય કોઈને પણ ધરતી પર જીવવાનો અધિકાર નથી

17 અને અહિં સ્થાયિત્વનું મૂળ છૂપાયેલું છે

20 લેખકનો પરિચય

# સંદર્ભ સૂચિ

Holy Bible, ISBN 0-8400-3625-4 [1996], King James Version, Athens

Oxford Dictionary, ISBN 019-565432-3 [2001], The New Oxford Dictionary of English

Paul William Roberts, The Empire of the Soul, Harper Collins 1999, quoted in The Saint Business, Rajeev Srinivasan published in Hindu Voice, Mumbai RNI No. MAHENG/2002/6954, Nov 2003, pp 4-5, verified at archives of http://in.rediff.com/news/2003/oct/17rajeev.htm on 19-4-2006

वक्रतुण्ड महाकाय सूर्यकोटि समप्रभ।
निर्विघ्नं कुरु में देव सर्वकार्येषु सर्वदा।।

या कुन्देन्दुतुषारहारधवला या शुभ्रवस्त्रावृता
या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना।
या ब्रह्माच्युतशङ्करप्रभृतिभिर् देवैस्सदावन्दिता
सा माम् पातु सरस्वती भगवती निश्शेषजाड्यापहा।।

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः।
गुरुस्साक्षात परं ब्रह्म तस्मै श्री गुरवे नमः।।

या देवी सर्वभूतेषु शक्तिरूपेण संस्थिता।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः।।

कायेन वाचा मनसेन्द्रिऐवा बुध्यात्मना वा प्रकृते स्वभावात
करोमि यद्यद् सकलं परस्मै नारायणायेति समर्पयामि।।

# પુસ્તક સમીક્ષા

શ્રી શ્રુતિવન્ત દુબે 'વિજન'

રાષ્ટ્રપતિ પદક પ્રાપ્ત, રાષ્ટ્રીય સન્માનોથી સન્માનિત, વિદ્યાવાચસ્પતિ (મ.પ્ર.).

જિલ્લા અધ્યક્ષ ઈન્ડિયન પ્રેસ કાઉન્સિલ, જિલ્લો–સિધી, (મ.પ્ર.) પત્રાંકઃ 116 તારીખઃ 29-07-2006

'માનોજ રખિત લિખિત લઘુ કૃતિ વાંચી વિરાટ પ્રભાવની અનુભૂતિ પ્રાપ્ત થઈ. ધર્મની સર્વ વ્યાપકતા, સર્વગ્રાહ્યતા, સાર્વજનિકતા પર આ નાની પુસ્તિકમાં ભૂતકાળની ખોજ વર્તમાનને સ્પર્શતી તેમજ ભવિષ્યને સાવધાન કરવાનો પ્રયાસ કરે છે. ધર્મપાખંડીઓ પર આકરા વ્યંગ કરનાર લેખક ધર્મના ઠેકેદારોને ઉઘાડા પાડે છે. ધર્મ પ્રત્યે અજ્ઞાની રહેવા છતાં મોટા જ્ઞાની સમાન ધર્મપ્રચારનું કાર્ય કરનાર ખોટા વિધાનો પ્રત્યે લેખક ધર્મની વ્યાખ્યા કરી જાણે છે. હું હંમેશા રખિતના પુસ્તકોનું અધ્યયન કરતો રહ્યો છું. પ્રત્યેક પુસ્તકમાં મે નાવીન્ય પ્રાપ્ત કર્યુંછે. અદમ્ય ધગશ, નિર્ભિકતા, ઉચ્ચસ્તરીયતાથી અભિભૂત લેખકની કલમે માનવીયતાના માપદંડો પ્રત્યે સચોટ વિચારો વ્યકત કર્યા છે. હિન્દુ ધર્મમાં નૈતિક અધઃપતનનું જે કારણ છે તે પ્રત્યે લેખક ચિંતિત છે. લેખકે હિન્દુ ધર્મનાં ઉત્થાન, હિન્દુ ધર્માવલંબીયો પ્રત્યેની અનુકંપા, હિન્દુ ધર્મ પ્રત્યેની નિષ્ઠાની સફળ અભિવ્યકિત કરી છે. પ્રત્યેક ધર્મોની સમાનતાનું મિથ્યાપૂર્ણ બ્યુગલ વગાડનારા ધર્મોપદેશકોની અજ્ઞાનતાને ઉઘાડી પાડવાની કોશિશ એમણે કરી છે. આ જુઠાણું, હિન્દુ મૂલ્ય,

હિન્દુ જ્ઞાન, હિન્દુત્ત્યવ, હિન્દુ વાતાવરણ માટે ઘાતક છે તેમ સ્પષ્ટ થયું છે. એવું અસત્ય ફેલાવનાર કે દરેક ધર્મ એકજ ઈશ્વર તરફ લઈ જાય છે, તેવા અસત્યને ખૂલ્લુ પાડવાનો પ્રયાસ થયો છે. બીજી બાજુ "દરેક એક સમાન નથી મુઠ્ઠીભર લોકો, ધર્મો ચોક્કસપણે અલગ છે." સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી દેવાનંદ સરસ્વતી, સ્વામિની પ્રમાનંદ સરસ્વતી, સ્વામી સિદ્ધબોધાનંદ સરસ્વતી, મહામંડલેશ્વર ડો. સ્વામી શિવસ્વરૂપાનંદ સ્વામી સરસ્વતી, આચાર્યશ્રી અવસ્થી, વગેરેનાં નામ પુસ્તિકામાં આદરણીય રૂપે ઉલ્લેખિત છે. હું શ્રદ્ધાવાન છું. આ ધર્મગુરૂઓ પ્રત્યે નતમસ્તક છું. તેમની ચરણરજ પ્રાપ્ત કરવા વ્યાકુળ છું કારણ કે ચરણરજ મોક્ષ માર્ગ માટે નહી પરંતુ જ્ઞાનમાર્ગ સુધી મને પહોંચાડે. હિન્દુ હોવા છતાં દેશનાં ગામડાઓ મોટાભાગે અજાગ્રત છે. મોટાભાગના લોકો વધુ પડતા પ્રચારકોને આધીન છે. મુઠ્ઠીભર ધર્મોપદેશકો ભલે સત્યની વાત કરતાં હોય પરંતુ પર્યાપ્ત લોકો સુધી વિચારો પહોંચી જ શકતા નથી. કેટલું સારુ હોત કે નાની નાની સંદેશ પુસ્તીકાઓના માધ્યમથી લોકો સુધી ધર્મની સાચી સ્થિતિ પહોંચી શકે.

આ નાની પુસ્તિકાના લેખક રખિતની દીર્ઘાયુ માટે મારી શુભકામના જેમણે ધર્મની સાચી સ્થિતિ પ્રસ્તુત કરી હિન્દુ ધર્મના ઉદ્ધાર માટે પગલું ભર્યુ છે. બંગાળી ધરતીનાં ખોળે જન્મેલા પનોતા પુત્ર, નારાયણી માતાનાં પ્રિય, સંપૂર્ણ ધર્મોના વ્યાખ્યાતા રખિતની હિન્દુ ધર્મ પ્રત્યેની અપેક્ષા હજુ ઘણી જ છે. એ જરૂરત છે કે ધર્મોના આવા નાના નાના સંદેશા હિન્દુસ્તાનનાં ખૂણે ખૂણે પહોંચે. પરંતુ લેખક એકલો આ ભાર કેમ ઉપાડશે ? સાધન સંસાધન સમ્પન્ન ધર્મસંસ્થાઓ કે આવા ધાર્મિક સંકુલોએ આગળ આવી આવા પવિત્ર કાર્યમાં મદદરૂપ થઈ હિન્દુ ધર્મની સુરક્ષા કરે. વિવિધ ધર્મોમાં વ્યાપક અંધકાર ભર્યા વાતાવરણને ચિરી સૂર્યના આગમનની પ્રતિક્ષા કરવામાં આવે. સૂર્યોદય થવાથી અજવાળુ થશે જ. અંગ્રેજો ગયા પરંતુ ભાષા મુકતા ગયાં. ૧૯૪૭ પહેલા તેઓનું શાસન હતું પણ ત્યારબાદ અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ!! વ્યકિતગત શાસન બહારની પૃષ્ઠભૂમિ સુધી સીમિત રહે છે પણ ભાષાગત શાસન સમાજનાં ઉંડાણ સુધી પહોંચે છે. આજ કારણ છે કે હિન્દુ સંસ્કૃતિને પ્રભાવિત કરતી અંગ્રેજી ભાષા મૂળભૂત રૂપે હિન્દુઓને અંગ્રેજી પ્રત્યે સમાન બનાવી રહી છે. આ લેખકે આ બાબતને ખૂબજ સહજ અને સરળ રીતે વ્યકત કરી છે. "અંગ્રેજી શિક્ષણ આપણને આપણાં જ અલગ ઢાંચામાં ઢાળી રહ્યુ છે. ભૂલવું ન જોઈએ કે આ નેતાઓ, આ શિક્ષકો, આ ધર્મોપદેશકો, આબુદ્ધિજીવીઓ અંગ્રેજી શિક્ષણની પેદાશ છે." આ ઉદાહરણ દ્વારા લેખકનો સંકેત શાસન તરફ છે કે શું અંગ્રેજી શિક્ષણ પદ્ધતિનું આ માળખું વધુ સમૃદ્ધ થઈ હિન્દુભૂમિ પર અનંતકાળ સુધી જીવીત રહેશે ? બંધારણમાં સૂચવાયેલ ૧૫ વર્ષ શું સમાપ્ત નહી થાય? બંધારણનાં આ વર્ષો પછી પણ ચાલુ રહી શું સમસ્તનાં હિતમાં ચોક્કસ બાધારૂપ બનતા રહેશે ? આવા સવાલો રાજનીતિથી જોડાયેલ છે. આવા સવાલોથી રાજનીતિજ્ઞોને આકરૂ તો લાગશે જ ! એકંદરે હિન્દુ ધર્મ સાધક, સંશોધક, માનવીય મૂલ્યોનાં રક્ષક હિન્દુત્વને પોષનાર છે. રચના અસરકારક, વાંચવા લાયક અને સાચવવા લાયક છે. મારી શુભકામના રચના અને રચનાકાર બન્ને સાથે જોડાયેલ છે.

શ્રી શ્રુતિવન્ત દુબે, પો. ડાંગવરગવાં, જિ. સીધી, (મ.પ્ર.) 486 886, ફોનનં: 07805-280062

(આ સમીક્ષા પુસ્તકના પ્રથમ ખંડની પ્રથમ આવૃત્તિ પર આધારિત છે)

## ॐ नमो नारायणाय

આ કાર્યહું ધન કે નામ કમાવવા માટે નહિ, પરંતુ હિન્દુઓ સુધી એ સત્યોને પહોંચાડવા માટે કરી રહ્યો છું – જેનાથી આપને જાણી જોઈને દૂર રાખવામાં આવ્યા છે. જયારે સિકકાની બીજી બાજુએ તેમની નજર જશે ત્યારે તેઓ પોતે જ નિર્ણય કરી શકશે કે, તેમણે શું કરવું જોઈએ. કેમ કે મારું ધ્યેય આપને એ બીજા પાસાથી પરિચિત કરાવવાનું છે. તેથી આપ હવે મારુ ધ્યાન તે જ પાસા પર કેન્દ્રિત થયેલું જોશો. મારો પ્રયત્ન માત્ર એટલો જ હશે કે આપને તે દષ્ટિકોણથી વાકેફ કરી શકું જેના આધારે આપની નજર એ ધુમ્મસને પાર કરી તેનાથી બીજી બાજુ જોઈ શકે.

હું જે કંઈ પણ લખુ છું તેનો એક માત્ર (ઉદેશ્ય) હેતુ છે કે એક સામાન્ય હિન્દુને તે જોખમથી સાવચેત કરું, જે તેના માથા પર ભમી રહ્યો છે, પરંતુ તેને તેની ગંભીરતાનું અનુમાન નથી. પાછલી છ પેઢીઓથી કોઈ એવી તાકાતો પડદા પાછળ છૂપાઈને કામ કરી રહી છે જેનો એક માત્ર ઉદેશ્ય હિન્દુ ધર્મ, હિન્દુ સંસ્કૃતિ, હિન્દુ જીવનના મૂલ્યો અને હિન્દુ જીવન પ્રણાલીઓને જડમૂળ થી ઉખાડીને ફેંકી દેવી. આવા પ્રયત્નોમાં તેઓ પર્યાપ્ત સીમા સુધી સફળ થઈ ચૂકયા છે. જેમ કોલસાથી ચાલતું એન્જીન પ્રથમ છૂક છૂક કરી ચાલે છે અને પછી તેજ ગતિ પકડે છે. આ રીતે આ પ્રક્રિયાએ પણ હવે તેના મૂળ ખૂબ ઊંડે સુધી ફેલાવી દીધા છે. સત્તા, ધન અને માધ્યમો (મિડીયા) ની સહાયથી અમેરિકા, કેનેડા અને યુરોપના દેશોમાંથી બેરોકટોક કાયદેસર અને ગેરકાયદેસર રીતે આપણા દેશમાં ધન આવી ચૂકયું છે જે આગમાં ઘી હોમવાનું કામ કરી રહ્યું છે.

આરબ દેશોમાંથી ગેરકાયદેસરના રસ્તાઓથી અઢળક નાણાં આપણા દેશમાં પહોંચી રહ્યા છે. જેના દ્વારા સત્તાપરના રાજકારણીઓ અને મિડીયાના નીતિ નિર્ણય કરવાવાળાઓ ઉપર પોતાની એવી પક્કડ મજબૂત કરી લીધી છે કે આજે મિડીયા એ સમાચારોને ઘણી જ સહેલાઈથી દબાવી દે છે, જે તેઓના "અસલી આકાંક્ષાઓ" ના લાભમાં નથી હોતા, જેનાથી તેઓના હેતુઓને બળ મળે છે અને કપટને ઢાંકવા માટે તેઓની ચાકરીમાં રહે છે. ધૂરંધરો, જેઓને આજનો સમાજ મોટા આદર સાથે "પ્રોફેશનલ" એવું નામ આપે છે, તેઓ (પ્રોફેશનલો) નું કાર્ય એ હોય છે કે, ભેળસેળવાળા (થોડા સાચા અને વધારે ખોટા – એવા) સમાચારોને એવી યુકિતપૂર્વક તૈયાર કરવા કે જે (સમાચારો) એક છત્રી જેવું કામ કરે કે જેથી "સામાન્ય હિન્દુ" ની નજર એ છત્રીની આડમાં (સમાચારની આડમાં) શું છે તેના ઉપર ન પડે!

આગળ વધતા પહેલા હું આપને બતાવી દેવા માંગુ છું કે ન તો હું કોઈ રાજનીતિક દળનો, ન કોઈ સામાજિક સંગઠનનો અને ન કોઈ ધાર્મિક પંથનો સભ્ય છું, ઉપરાંત આ કાર્યથી મને કોઈ પણ પ્રકારના કોઈ પણ વ્યકિતગત લાભની આશા નથી. હવે આપની ઈચ્છા – મને સાંભળવો કે ન સાંભળવો.

## માનવ જીવનમાં ધર્મનું સ્થાન

*ભૂતકાળમાં નજર કરીશું તો આપણે જોઈ શકીશું કે માનવ જીવન ઉપર બધાથી ઊંડો પ્રભાવ હંમેશા ધર્મનો જ રહ્યો છે. આજે પણ એ જ સ્થિતિ છે અને કાલે પણ એ જ સ્થિતિ રહેશે.*

માનવ જીવન ઉપર ધર્મના પ્રભાવને હટાવવામાટે અથવા માનવ જીવનને ધર્મના પ્રભાવથી દૂર રાખવા માટે નાસ્તિકો દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા. આ પ્રકારની શોધનું પ્રતિપાદન કરવાવાળા પોતે પોતાને નાસ્તિક જાહેર કરવાથી બચતા રહ્યાં, કેમકે તેઓને એ ભય લાગેલો રહેતો હતો કે સમાજ તેઓનો તિરસ્કાર કરી શકે છે. (જે સમાજ ધર્મના આધાર ઉપર ટકી રહેલો છે તે) તેઓ પોતાને દાર્શનિક, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, વિકાસવાદી (ડાર્વિનની કલ્પના), સામ્યવાદી (માર્ક્સની પરિકલ્પના), વગેરે નામો આપીને, પોતાના નાસ્તિક હોવાની સત્યતાને છૂપાવતા રહ્યા. *તેમાંથી મોટાભાગની વ્યકિતઓ સમાજના એ વર્ગમાંથી આવી કે, જે પોતાને બુદ્ધિજીવી કહે છે. ઈશ્વરનું અસ્તિત્વ છે કે નહિ તે વિષયમાં જેઓએ પોતાની અલ્પ બુદ્ધિ પર એટલો મોટો બોજ નાખી દીધો કે અંતે આ અલ્પ બુદ્ધિએ જવાબ દીધો કે આ વિષય પર ઈશ્વરનું અસ્તિત્વ જ નથી!*

બુદ્ધિજીવી લોકોમાં પોતાની પ્રતિભાથી સાધારણ માનવને (મનુષ્યોને) પ્રભાવિત કરવાની એક જન્મજાત પ્રવૃત્તિ હોય છે. છપાયેલા કે છપાતા સાહિત્ય પર તેઓનું વર્ચસ્વ હોય છે. (તે ઓછું હોય તેમ) હવે તો તેઓએ ઈલેકટ્રોનિક (રેડીયો, ટી.વી. વગેરે) માધ્યમો ઉપર પણ પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું છે! *પરંતુ તેઓના વિચારમાં એક મૂઢતા છે કે મનુષ્યમાં પોતાના મૂળ સાથે પોતાનો સંપર્ક સ્થાપિત કરવાની જે મૂળ પ્રવૃત્તિ હોય છે તેને વિષે તેઓ આંખ આડા કાન કરવા ઈચ્છે છે. આના કારણે જો કે તેઓની પ્રસ્તુતિ (રજૂઆત) પ્રભાવશાળી હોવા છતાં, તેઓ પોતાની નાની એવી છાવણીમાં વિશાળ જનસમુદાયને લાવી શકતા નથી. ભલે, એક વાત ચોક્કસ છે કે તેમનું અધૂરુ જ્ઞાન ઘણી મોટી માત્રામાં ભ્રાન્તિ ઉત્પન્ન કરી દે છે અને જનસમુદાયને (સાચી વિચારધારાથી) દૂર કરી દે છે.*

આપણું બુદ્ધિમાનપણું એમાં જ રહેલુ છે કે, આપણે ધર્મને સમજવા માટે સાચા અર્થમાં પ્રામાણિકપણે પ્રયત્ન કરીએ. આજકાલ એ જોવામાં આવે છે કે, માણસોનો ઘણો મોટો વર્ગ ધર્મના શિક્ષણ અને પ્રવચનને પોતાની જીવિકાનું માધ્યમ બનાવીને રહેલો છે. તેનાથી વ્યકિતગત સ્વાર્થની ઉત્પત્તિ થાય છે, અને તેનું પરિણામ એ આવે છે કે ધર્મની છબી વિકૃત થઈ જાય છે. (તેથી) હવે એ સમય આવી ગયો છે કે, આપણે પ્રવચન કર્તાઓનું (સમાચાર પત્રોનું, રેડીયો–ટી.વી. વગેરે માધ્યમોનું) અંધશ્રદ્ધા સાથે અનુસરણ કરવાનું બંધ કરીએ. આપણને આપણા ધડ ઉપર એક મસ્તક આપવામાં આવેલું છે અને એ આશા સાથે આપવામાં આવેલું છે કે આપણે તેનો ઉપયોગ કરીએ! એવું કોઈ કારણ નથી કે એને (મસ્તકને) આપણે (તેઓ) લેભાગુઓ પાસે ગિરવી રાખી દઈએ.

## ગાંધીજીના ત્રણ વાંદરાઓ અને આપણે હિન્દુઓ

તેઓ માત્ર પોતાનામાં રહેલી (બૂરાઈઓ) ખરાબીને દૂર કરવાની વાત કરતા રહ્યા. પોતાની ચારે બાજુ વ્યાપી રહેલી બૂરાઈઓ ઉપર નજર નાખવાનો ઈન્કાર કરતા રહ્યા. તેઓ પોતાની આંખોને બંધ કરી દેવી પસંદ કરતા રહ્યા કે જેથી તે બૂરાઈઓને જોવાની આવશ્યકયતા ન રહે. આ વિચારધારાને બળ આપવા માટે ગાંધીજીએ પણ એમજ કર્યુ – પોતાના ત્રણ વાંદરાના પ્રતીકને મોટી મહત્તા આપી. (કઈ રીતે?) એક બૂરાઈને નહિ જૂએ બીજો બૂરાઈને નહિ

સાંભળે, ત્રીજો બૂરાઈ નહિ કહે. એ ત્રણેએ એક એક કરીને પોતાની આંખો, પોતાના કાન, પોતાની જીભ (વાણી) બંધ કરી દીધી!

*આ પ્રતીકમાં ત્રણ વાંદરાઓ હતા. પણ જયારે વાત મનુષ્ય ઉપર આવી તો એણે વિચાર્યુ કે અમારેતો વાંદરાઓથી પણ આગળ વધી જવું જોઈએ! તેથી તેઓએ નિર્ણય કર્યો કે શા માટે આપણે ઓલ–ઈન–વન (ત્રણે વાંદરા રૂપ) ન થઈ જઈએ! તેઓએ પોતાની આંખો બંધ કરી લીધી. પોતાના કાનોને ઢાંકી દીધા. અને પોતાની (વાણીને) જીભને સીવી લીધી અને આ રીતે તેઓએ સારા અને ખરાબ (સત્ય અને અસત્ય) વચ્ચેના ભેદને ઓળખવાની યોગ્યતા ગુમાવી દીધી! અને તેને વાનરના અસ્તિત્વથી ઉપર ઊઠી અને માનવ તત્ત્યવના વિકાસના રૂપમાં એક મહત્વ પૂર્ણ ઉન્નતિ માનવામાં આવી! આવી રીતે તેઓએ ધાર્મિક વ્યકિતને પૂર્ણરૂપથી શસ્ત્ર રહિત બનાવી દીધો અને અધાર્મિક વ્યકિતને જયાં સુધી તેની દષ્ટિ પહોંચે ત્યાં સુધીની ધરતીનો અધિપતિ (સાશક) બનાવી દીધો! એ કેટલી મોટી ઉપલબ્ધિ હતી! અને કેટલી સુંદર દાર્શનિકતા?!*

## એક દિવસ આવશે કે જયારે હિન્દુઓએ એ કડવા સત્યનો સામનો કરવો પડશે

હિન્દુ બાળક પોતાના શાળાના શિક્ષક પર વિશ્વાસ રાખે છે. શિક્ષક કહે છે – "બધા ધર્મ સમાન છે." હિન્દુ બાળક એક દિવસ મોટું થાય છે અને પ્રૌઢ બની જાય છે અને પછી પોતાના આ વિશ્વાસને પોતાના બાળકો માટે વારસામાં છોડી જાય છે. હિન્દુ આથી આગળ વિચારતો નથી. તેની જિજ્ઞાસા અહીં જ શાન્ત થઈ જાય છે. તે પોતાના પરિવાર માટે રોટી, કપડા અને મકાન પ્રાપ્ત કરવામાં, અને તેઓ માટે એક સુરક્ષિત ભવિષ્યની વ્યવસ્થા કરવામાં વ્યસ્ત થઈ જાય છે. *તેને એ વાતનો ખ્યાલ નથી હોતો કે એક દિવસ એવો આવશે કે જયારે તેણે અને તેની સંતતિને આ કડવા સત્યનો સામનો કરવો પડશે– જેની તરફ તે હાલ "આંખ આડા કાન" કરી રહ્યો છે, પરંતુ (જયારે આ કડવા સત્યનો સામનો કરવો પડશે) ત્યારે બહુ જ મોડુ થઈ ગયુ હશે.*

## અને ત્યારે આપણે આપણી જાતને આ પરિસ્થિતિમાં જોઈશું

> "જયારે કોઈ પણ પ્રકારના રકતતપાત વગરનો વિજય પ્રાપ્ત થઈ શકે છે, જયારે બહુ મોંઘો નહિ એવો સુનિશ્ચિત વિજય પ્રાપ્ત થઈ શકે છે ત્યારે એવી લડાઈ ન લડીને, એવો સમય આવશે કે જયારે તમારે લડવું જ પડશે, અને બધી પરિસ્થિતિઓ તમારી વિરૂદ્ધમાં હશે! ઉપરાંત તમારા જીવિત રહેવાની સંભાવના બહુ જ ઓછી રહી જશે! – તેનાથી પણ વધારે ખરાબ સ્થિતિ આવી શકે છે કે જયારે તમારે વિજયની અપેક્ષા વગર લડવું પડશે. કારણ ગુલામ થઈ જીવવા કરતા મરવું વધારે શ્રેષ્ઠ છે"[1]

ઉપરની વાત એક એવી વ્યકિતએ કહી હતી કે જેના પ્રત્યે મારા મનમાં કોઈ શ્રદ્ધા નથી, કેમ કે

---

[1] મુસ્લિમ હુમલાઓ દરમિયાન (હિન્દુઓ) યદ્ધભૂમિમાં કયારેય પીઠ બતાવતા ન હતા એ વાત હિન્દુઓ માટે કોઈ નવી વાત નથી. આપને આપના પૂર્વજોનો ગૌરવપૂર્ણ ઈતિહાસ ભણાવવામાં આવ્યો નથી કે જેના પર આપ ગર્વ કરવાનું શીખો તેઓએ આપને માનસિક રીતે ગુલામ બનાવવા હતા તેથી અંગ્રેજી શિક્ષણ પદ્ધત્તિએ આપને એ જ શિખવાડયું કે આપના પૂર્વજો તો વહેંચાયેલા હતા, અને આપસમાં લડતા રહ્યા, અને ગુલામ થઈ ગયા.

તેના મનમાં હિન્દુઓ તરફ કોઈ શ્રદ્ધા ન હતી. જો કંઈ હતું તો તે માત્ર તિરસ્કાર! મારો માપદંડ બહુજ સહજ છે, મારી શ્રદ્ધા માત્ર સુપાત્રને માટે છે, કુપાત્ર માટે નથી. તેમ છતાં મેં તેની વાત આપની સમક્ષ રાખી, કારણ સત્ય તરફ મને વૈર ભાવના નથી. *એ વ્યક્તિએ આ વાત ત્યારે કરી હતી જયારે તેનું "ઈસાઈ રાષ્ટ્ર" નું અસ્તિત્વ જોખમમાં હતું. એ વાત હિન્દુ ધર્મના સંદર્ભમાં એટલી જ સત્ય છે. (તેથી) હજુ પણ મોડુ થયું નથી–ચેતો.*

**શું આપની દષ્ટિ નાના બીજ પર પડી કે જે એક વિશાળ વૃક્ષના રૂપમાં પરિવર્તિત થઈ ગયું અને હવે જેણે આ વિરાટ મહેલના અસ્તિત્વને જોખમમાં નાખી દીધું ?**

શું આપે એક નાના એવા બીજ ને જોયું છે કે જે ઉપજાવ જમીન, ખાતર અને પાણી પ્રાપ્ત કરી સમય જતાં એક પ્રચંડ વૃક્ષ બની ગયુ? શું આપે એ વૃક્ષને જોયું છે કે જે વૃક્ષ શકિતશાળી મહેલની ખૂબ નજીક હતું, અને જેને મહેલમાં રહેનારાઓ ન જોઈ શકયા, અને જે વૃક્ષે ધીમે ધીમે મહેલની નીચે પૂરતી ઊંડાઈ સુધી જઈને દૂર દૂર સુધી પોતાના મૂળીયાં ફેલાવી દીધાં!

હવે એ દિવસો આવ્યા છે કે જયારે આપને બતાવવામાં આવ્યું કે એ મહેલની મજબૂત ફર્શ ઉપર મોટી તીરાડો દેખાવા લાગી છે. જયારે આપ અવલોકન કરવા માટે પહોંચ્યા તો આપની નજર એ (દરારો) તીરાડો ઉપર પડી કે જે તીરાડો ખૂબ ઝડપથી મોટી થતી જતી હતી અને હવે અત્યંત સ્પષ્ટ રૂપે દેખાઈ રહી છે! એ જ્ઞાન થયું ત્યારે સંભવતઃ આપના માનસ પટ પર એવી ભયાનક છબી ઉપસી કે હવે બહુ મોડુ થઈ ચૂકયું હતું.

*હવે આપની પાસે માત્ર એક રસ્તો બચ્યો હતો અને તે એ કે અનિચ્છિત વિશાળ વૃક્ષને મૂળીયાં સાથે ઉખાડી અને ફેંકી શકો તે પહેલા એ સંપૂર્ણ મહેલને નેસ્તાનાબૂદ કરી દેવો. અને (આ પરિસ્થિતિમાં) હવે આપ પોતાને કેટલા અસહાય જોતા રહયા? સમય જતાં જે હકીકત આપ જોવા નહોતા માગતા તેના તરફથી દષ્ટિ ફેરવી ને રહ્યા. (ઉપેક્ષા કરીને રહ્યા). આપ આસમાન તરફ જોતા રહ્યા અને તે વૃક્ષ તમારા નાક નીચે પોતાના મૂળીયાં ફેલાવતું રહ્યું!*

**આપની આંખો પર કોણે પટ્ટી બાંધી છે?**

મોટા ભાગના હિન્દુધર્મના ઉપદેશકો કહે છે કે દરેક ધર્મ આપણને સર્વને એક ઈશ્વર સુધી લઈ જાય છે. પણ જયારે અલગ અલગ ધર્મોની દષ્ટિમાં ઈશ્વરની પરિકલ્પના અલગ અલગ છે ત્યારે એ કઈ રીતે સંભવ છે? **કેટલાક ધર્મો કે જેઓ ઈશ્વરને એક કસાઈના રૂપમાં જુએ છે, અને જેઓ એ બધા જ મનુષ્યો કે જે મૂર્તિપૂજકો છે, તે બધાનો જાહેરમાં કતલ કરવાનો આદેશ આપે છે.**

*શું હિન્દુધર્મ પણ ઈશ્વરને કસાઈના રૂપમાં જુએ છે? કયારેય નહિ. તો પછી હિન્દુધર્મના ઈશ્વર અને એ ધર્મોના ઈશ્વર કે જેઓ પોતાના ધર્માવલમ્બીઓને – મૂર્તિપૂજક હિન્દુઓનો જાહેરમાં કતલ કરવાનો આદેશ આપે છે, તે એક કેવી રીતે હોય ? એ બન્ને વિપરિત ચરિત્રના ઈશ્વર એક કેવી રીતે હોય? એ બધા ઉપદેશકો કે જેઓના ઉપર હિન્દુઓએ પોતાનો વિશ્વાસ સમર્પિત કર્યો છે અને જેઓ કરોડો હિન્દુઓને બતાવી રહ્યા છે કે "બધા જ ધર્મોના ઈશ્વર એક જ છે." શું તેઓને એ વાતનો અહેસાસ છે કે તેઓ હિન્દુઓને કેટલી હાની પહોંચાડી રહ્યા છે?!* [2]

*ધર્મગુરુઓમાંથી ઘણા એવા નથી કે જેઓને ધર્મનું પૂરતું જ્ઞાન હોય, અથવા જેનામાં અન્ય ધર્મ સંબંધી જ્ઞાન પ્રાપ્તિની ઈચ્છા હોય અને જયારે આવી પરિસ્થિતિ હોય ત્યારે તેઓના અનુયાયી–ઓમાં તો એ જ્ઞાન કયાંથી જ આવે? અને જે ધર્મગુઢઓની પાસે પર્યાપ્ત જ્ઞાન છે, તેઓમાંથી અનેક એવા છે કે જેઓમાં સત્યને ઉજાગર કરવાનો દઢ વિશ્વાસ અને ઉત્સાહ ન હોય. જયારે આવી પરિસ્થિતિ હોય ત્યારે તેઓના અનુયાયીઓમાં એ ઉત્સાહ અને દઢતા કયાંથી આવશે?*

# યહુદી ધર્મ

### અન્ય ધર્મ વિષે આપ જાણકારી પ્રાપ્ત કરો તે પહેલા યહૂદી ધર્મને જાણવો શા માટે જરૂરી છે?

**ઈસાઈ બાઈબલ** નો પ્રથમ વિભાગ "ઓલ્ડ ટેસ્ટામેન્ટ" મૂળભૂત રીતે યહૂદી છે. થોડા સમય માટે તેને એક બીજ રૂપે કલ્પના કરી માની લેવામાં આવે, તો જેમ જેમ તમે આગળ વધતા જશો તેમ તેમ તમે જોશો, કે આ બીજ એક વિશિષ્ટ પ્રક્રિયાને જન્મ આપે છે કે **"વિશ્વની સમસ્ત સંસ્કૃતિઓને જડમૂળથી નષ્ટ કરો"!** વિભાગ બે, ત્રણ અને ચારને વાંચ્યા પછી આપને આ વિચાર સ્પષ્ટ રીતનો જણાવા લાગશે.

આગળ વધતા પહેલા, આવો, આપને કેટલિક પરિભાષાઓ થી પરિચિત કરાવીએ,

**"ઓલ્ડ ટેસ્ટામેન્ટ"** ઈસાઈ બાઈબલનો પ્રથમ ખંડ.

**"યહૂદી ધર્મ"** યહૂદીઓનો અકેશ્વરવાદી ધર્મ– જેના ઉદ્ભવ માટે યહૂદી ધર્મ નીચેના ધર્મગ્રન્થોનો આધાર લે છે. (૧) બાઈબલમાં લખાયેલ – અબ્રાહમ દ્વારા ઈશ્વરની લેવાયેલ પ્રતિજ્ઞા (૨) તોરાહમાં લિપિબદ્ધ (લખાયેલ) – ઈશ્વરદ્વારા મોઝેઝ (મુસા) ને કહેવાયેલ ઈશ્વરીય આદેશ.

**અબ્રાહમ(બાઈબલમાં) :** યહૂદીઓમાં માનવ જાતિના પિતા, કે જેના વંશજ (અધ્યાય– જેને સિસ ૧૧:૨૭ થી ૨૫:૧૦ સુધી) બધા યહૂદી છે.

**તોરાહ (ઉચ્ચારણ તોરૂ–અ) :** ઈશ્વરનો કાનુન, – જેમકે મોઝેઝ પ્રત્યે ઈશ્વરે વ્યકત કરેલ કાનુનો અને તેને હિબ્રુ ધર્મગ્રંથોના પ્રથમ પાંચ પુસ્તકોમાં લખવામાં આવ્યા. (ધ પેન્ટાટયૂ)

**પેન્ટાટયૂ :** ઓલ્ડ ટેસ્ટામેન્ટના પ્રથમ પાંચ પુસ્તકોને (જેનેસિસ, એકસોડસ, લેવિઈકસ, નમ્બર્સ અને ડીઉટેરોનોમી) પેન્ટાટયુ અથવા તોરાહ (તોરાહ ઉચ્ચારણ ટોર–અ) કહેવામાં આવે છે.

ઓકીસફોર્ડ શબ્દકોશ પૃષ્ટ ૧૨૯૧, ૯૮૮, ૫, ૧૯૫૫, ૧૩૭૪

---

[2] પરંતુ બધા જ એક સરખા નથી, કેટલાક એવા પણ છે કે જેઓ અન્યથી ભિન્ન છે, જે પોતાના શિષ્યોને એટલું તો સત્ય બતાવે જ છે કે જેની તેઓને જાણકારી હોય છે, પરંતુ એવા ધર્મગુરુઓ સરખામણીમાં બહુ ઓછા છે. અનેક મોટા મોટા નામી અનામી ધર્મગુઢઓ એવા પણ હોય છે, જે સત્યને જાણે છે છતાં પોતાના સ્વાર્થ માટે અસત્યને આગળ ધરી રહ્યા છે!

**આ પરિભાષામાંથી આપણે શું જાણી શકીએ? :**

(૧) ઈસાઈ બાઈબલનો પ્રથમ વિભાગ – "ઓલ્ડ ટેસ્ટામેન્ટ" છે.

(૨) યહૂદીઓ આ ધર્મગ્રન્થોને માને છે (અ) બાઈબલ, અને તેમાં આપવામાં આવેલ અબ્રાહમે ઈશ્વર પ્રત્યે લીધેલી પ્રતિજ્ઞા (બ) તોરાહ, અને તેમાં નિર્દિષ્ટ ઈશ્વર દ્વારા મોઝેઝ (મુસાને) ને વ્યકત કરાયેલ ઈશ્વરીય કાનુન.

(૩) અબ્રાહમનું સ્થાન યહૂદીઓમાં એ છે, કે જે હિન્દુઓમાં મનુનું છે.

(૪) હિબ્રુ ધર્મગ્રન્થોના પ્રથમ પાંચ પુસ્તકોમાં યહૂદીઓના ઈશ્વરના કાનુન નોંધાયેલ છે, જેને તોરાહ (ઉચ્ચારણ ટોર–અ) કે પેન્ટાટયૂ કહેવામાં આવે છે.

(૫) બાઈબલના પ્રથમ પાંચ પુસ્તકો (જેનેસિસ, એકસોડસ, લેવિઈકસ, નમ્બસ અને ડીઉટેરોનોમી) ને પણ પેન્ટાટયૂ અથવા તોરાહ કહેવાય છે.

(૬) એટલે કે, યહૂદીઓના ઈશ્વરીય કાનૂન જાણવા માટે ઈસાઈ બાઈબલ જ પર્યાપ્ત છે.

## યહૂદી ધર્મના ઈશ્વરના તે કાનુન કે જે અન્ય ધર્મોના અસ્તિત્વ પર સીધા જ પ્રહાર કરે છે

(૧) જે કોઈ રાષ્ટ્ર કોઈ પણ અન્ય ઈશ્વરની પૂજા કરતું હોય, તેના પર તમે તમારો અધિકાર પ્રાપ્ત કરો, ત્યારે તે રાષ્ટ્રનો સંપૂર્ણ નાશ કરી દો.

(૨) તેઓના દેવોને સંપૂર્ણ રીતે પરાજિત કરી દો, તોડીનાખો તેઓની બધી મૂર્તિઓને,

(૩) નાશ કરી દો તેઓની દરેક વસ્તુઓને, કે જે તેઓના દેવતાઓની પૂજાવિધિમાં જોડાયેલી હોય.

(૪) તેઓના દેવતાઓની મૂર્તિઓનો નાશ કરી, અને તે સ્થાન પરથી તેઓના દેવતાઓના નામ નિશાન મિટાવી દો.

(૫) તેઓની નજર સમક્ષ જ તેઓના બાળકોની હિંસકભાવથી કતલ કરી નાખો, તેઓના ઘરોને ઉજ્જડ કરીદો, અને તેઓની પત્નીઓ પર બળત્કાર કરો.

(૬) તેઓના પ્રત્યેક નાના બાળકોની કતલ કરી નાખો, તેઓની સ્ત્રીઓને મારી નાખો, પણ તેઓની કુંવારી દીકરીઓને આપણા માટે જીવતી રાખો.

(૭) માનું દૂધ પીતા બાળકોને ન છોડો, અને સફેદ વાળવાળા વૃદ્ધોને પણ ન છોડો.

(૮) જયાં સુધી તમે આ પૃથ્વી પર જીવો, ત્યા સુધી આ નિયમોનું પાલન કરતા રહો, તેને કયારેય ભૂલો નહિ.

## યહૂદી ધર્મ કયા ઈશ્વર સુધી પહોંચવાનો રસ્તો દર્શાવે છે? શું તે રસ્તા દ્વારા પણ આપણે હિન્દુધર્મના ઈશ્વર સુધી પહોંચી શકીએ ખરા?

"જે સ્થાનો પર તમે અધિકાર પ્રાપ્ત કરો ત્યાના લોકો જો કોઈપણ અન્ય ભગવાનની પૂજા કરતા હોય તો તમે સંપૂર્ણ રીતે એ સર્વ સ્થાનોનો નાશ કરી દો, પછી ભલે ઊંચા પર્વતો ઉપર, પહાડીઓ ઉપર કે પછી હરિયાળી ભૂમિમાં વસતા હોય."

પવિત્ર બાઈબલ–ઓલ્ડટેસ્ટામેન્ટ–ડિઉટેરોનોમી–૧૨.૨

"ડિઉટેરોનોમી–બાઈબલનું પાંચમું પુસ્તક"

ઓકસફોર્ડ ડિકશનરી પૃષ્ઠ–૫૦૪

"તમે અન્યના ઈશ્વર સામે ઝૂકો નહિ, અને તેની સેવા ન કરો, પરંતુ તેનો પૂર્ણતઃ વિનાશ કરી દો, તેની મૂર્તિઓ તોડીફોડી નષ્ટ કરી દો."

પવિત્ર બાઈબલ–ઓલ્ડટેસ્ટામેન્ટ–એકસોડસ–૨૩:૨૪

"ઓકસોડસ–બાઈબલનું બીજુ પુસ્તક "

ઓકસફોર્ડ ડિકશનરી પૃષ્ઠ–૬૪૫

અહિ આપણી સામે એક જ ઈશ્વર છે, જે કહે છે કે અન્ય ધર્મોની ઘૃણા કરો, તો પછી આપણા શિક્ષકો, ધર્મગુરુઓ કયા આધારે કહી શકે કે દરેક ધર્મો એક જ ઈશ્વર તરફ જવાનો સરળ રસ્તો છે?

"તમે તેઓની યજ્ઞની વેદીઓનો ધ્વંશ કરી દેશો, તેઓની મૂર્તિઓને તોડી નાખશો, તેના ઉપવનોને કાપી નાખજો તથા તોડી ફોડી નાખશો, ઉખાડી અને ફેંકી દેશો."

પવિત્ર બાઈબલ–ઓલ્ડ ટેસ્ટામેંટ–એકસોડસ–૩૪:૧૩

આ ઈશ્વર તેઓના અનુયાયીઓને કહી રહ્યો છે, કે બધી સંસ્કૃતિઓનો નાશ કરી દો, જે મારી પૂજા નથી કરતી.

"અને તમે તેની પૂજાની વેદીઓને તોડી નાખો, તેના પૂજા સ્થંભોનો નાશ કરો, તેના બાગોને સળગાવી દો, તેના દેવી–દેવતાઓના ચિત્રોને (ચીરી) ફાડી નાખો, તેની બનાવેલ મૂર્તિઓને તોડી નાખો તેનુ નામો નિશાન સમાપ્ત કરી દો."

પવિત્ર બાઈબલ–ઓલ્ડ ટેસ્ટામેંટ–ડિઉટેરોનોમી–૧૨:૩

*બાળપણથી આપણા શિક્ષકો આપણને એ જ શીખવાડી રહ્યા છે, કે "કોઈ ધર્મ નફરત કરવાનું શીખવતો નથી." શું તેઓએ સત્યના પાઠો ભણાવ્યા કે મિથ્યાના? જે સમાજે તમને મિથ્યાના આધાર પર પાળી–પોષ, મોટા કર્યા તે સમાજ પ્રત્યે આપ સત્યપ્રિય કેવી રીતે બની શકો?*

" તેઓની નજર સમક્ષ તેઓના બાળકોને પૂરી શકિત સાથે ઊઠાવીને પછાડો કે જેથી તેઓના ટૂકડે ટૂકડા થઈ જાય અને તેઓની પત્નીઓ પર બળત્કાર કરો."

પવિત્ર બાઈબલ–ઓલ્ડ ટેસ્ટામેંટ–ઈસાઈયાહ–૧૩:૧૬

**"ઈસાઈયાહ"**– એક ઘણો મહત્વપૂર્ણ હિબ્રૂ (યહૂદી) પૈગમ્બર હતો.

**"ઈસાઈયાહ"**– બાઈબલનું એક પુસ્તક છે જેમાં ભવિષ્યવાણી ભાખવામાં આવેલી છે.

ઓકસ્ફોર્ડ ડીકશનરી પૃષ્ઠ–૯૬૬

જો તેઓની શકિત એટલી વધે, કે આપણે તેઓની સામે પ્રતિકાર કરવાને સક્ષમ ન રહીએ, તો આપણા પોતા ઉપર બળાત્કાર કરાવવા તૈયાર રહો! શું આપણો હિન્દુ ધર્મ પણ આપણને આવું શીખવે છે? કયા આધારે આપણા શિક્ષકો, બુદ્ધિજીવીઓ અને ધર્મ પ્રચારકો એ વાતનો દાવો કરતા રહ્યા? શું તેઓ આ સચ્ચાઈથી અજાણ હતા? જો હા, તો તેનુ પ્રથમ કર્તવ્ય શું હતું? શું એ યોગ્ય નથી કે પહેલા તેઓ પોતે શિક્ષિત થાય અને પછી બીજાને શિખવે?

*જયારે હિન્દુઓને આવું શીખવવામાં આવે છે કે "બધા ધર્મો એક સમાન છે" ત્યારે તમામ ધર્મોને સમદષ્ટિથી જોતો થઈ જાય છે. બીજા ધર્મો કે જેઓ હિન્દુધર્મને ધીરે ધીરે સમાપ્ત કરવા તરફ પ્રથમથી જ કાર્યરત રહે છે ત્યારે બીજા ધર્મો તરફથી પોતાના તરફ વધી રહેલા ભયથી એ હિન્દુ પૂરેપૂરી રીતે અજાણ જ રહે છે.*

> "બાળકોમાં પ્રત્યેક નર બાળકોની કતલ કરી નાખો અને દરેક સ્ત્રીઓની પણ કતલ કરી નાખો કે જેણે કોઈ પુરુષ સાથે સહવાસ કર્યો હોય– પરંતુ એ બધી જ સ્ત્રી બાલિકાઓને કે જેણે કોઈ પુરુષ સાથે સહવાસ ન કર્યો હોય તેઓને પોતા માટે જીવિત રાખો."

પવિત્ર બાઈબલ–ઓલ્ડ ટેસ્ટામેંટ–નમ્બર્સ–૩૧:૧૭–૩૧:૧૮

"નમ્બર્સ"–બાઈબલનું ચોથુ પુસ્તક,

ઓકસ્ફોર્ડ ડીકશનરી પૃષ્ઠ–૧૨૭૨

*કેવી સુંદર સમજ છે?, કેવો સુંદર ઉપદેશ! અને આપણા ધર્મ પ્રચારકો તરફ તો જુઓ!! કેટલા ઉત્સાહ સાથે તેઓ કહે છે કે આ ધર્મ પણ હિન્દુધર્મ સમાન છે. શું આ અજ્ઞાની શિક્ષકો, બુદ્ધિજીવીઓ, અને ધર્મોપદેશકો હિન્દુ જનસમુદાયને પ્રબુદ્ધ (જાગ્રત) નાગરિક બનાવી શકે ખરા? પાછલી છ પેઢીથી ઈસાઈ – અંગ્રેજી – મિશનરી શિક્ષણ પદ્ધાતિ આપણા વિચારો, આપણી સમજણ, આપણી ભાવનાઓ, આપણા જીવનમૂલ્યો અને આપણી મર્યાદાઓને એક નવી દિશા દેતી રહી છે. જેમ કુંભાર કાચી માટીને ઈચ્છિત સ્વરૂપમાં ઢાળી શકે છે તેજ પ્રમાણે આ ઈસાઈ અંગ્રેજી શિક્ષણ પદ્ધતિએ આપણને તેની ઈચ્છા પ્રમાણે તૈયાર કર્યાછે. તે ન ભૂલો કે આપણા આ નેતાઓ, આ શિક્ષકો, આ બુદ્ધિ–જીવીઓ, આ દિગદર્શકો, આ ધર્મોપદેશકો, એ બધા ઈસાઈ અંગ્રેજી શિક્ષણ પદ્ધતિની પેદાશ છે.*

*આ ઈસાઈ અંગ્રેજી શિક્ષણ પદ્ધતિની પેદાશે છ પેઢીઓ સુધી આપણા ઉપર ખૂબ આકરી મહેનત કરી. આપણા ઈતિહાસના પુસ્તકો ને બદલી નાખ્યાં. હજારો વર્ષો દરમિયાન પ્રાપ્ત કરી અને સચવાયેલા આપણા ભવ્ય જ્ઞાનને, આપણા પુસ્તકોને, આપણી શિક્ષણ પ્રણાલીઓને નષ્ટ કરી નાખી છે. આપણને એમ ભણાવવામાં આવ્યું કે તેઓનો મુસલમાનોએ નાશ કર્યો. આ વાતમાં*

---

**"ઈસાઈયાહ"**– જેવાઓના શિક્ષણના આધાર પર, તેઓના અનુયાયીઓએ, ગોવાના બ્રાહ્મણોની સાથે જે આચરણ બસો વર્ષ સુધી કર્યું. શું "ઈસાઈ" શબ્દ તેના આધારે તો નહિ હોય?

*સત્ય તો છે પણ એ અર્ધસત્ય છે. મુસલમાનો ફકત તેને (હિન્દુઓને) ભૌતિક સ્તર પર નષ્ટ કરી શકયા જે સત્ય બાબત છે. છતાં પણ ગુઢ પરંપરા દ્વારા આપણું જ્ઞાન જીવિત રહ્યું. ઈસાઈ–અંગ્રેજોએ આપણી મૂળભૂત બાબતોમાં જ સડો પેસાડી દીધો અને આપણને આપણા મૂળથી જુદા કરી દીધાં! અને આપણને એવો પાઠ પઢાવવામાં આવ્યો કે તેઓએ આપણને શિક્ષિત બનાવ્યા!*

આ ઈસાઈ – અંગ્રેજી – પદ્ધતિએ આપણને એ હદ સુધી પથભ્રષ્ટ કરી મૂકયાં છે કે હવે આપણામાં સુધારાની શકયતા બહુ ઓછી રહી છે. એટલુ નિશ્ચિત જાણીલોકે આપણામાંથી જે લોકોને પોતાનો ઘમંડ (અહં) પ્રિય છે તેઓ કયારેય નહિ બદલાય. પરંતુ જેઓને પોતે બહુ ઊંડા વિચારપૂર્વકના, સુનિયોજિત ષડયન્ત્રના ભોગ બન્યાની અનુભૂતિ થઈ છે (વાંચો પુસ્તક નં.૭) તેઓ પોતાના વિચારમાં, પોતાના જીવનના લક્ષ્યોમાં, પોતાના કાર્યક્રમોમાં, પોતાના પ્રયત્નોમાં આવશ્યક પરિવર્તન લાવી શકશે.

પોતાની જાતને હિન્દુત્વવાદી માનનારા કેટલાય લોકોને એ વાતનો અહેસાસ તો છે કે આ વિધર્મીઓનો (અસુરો કહેવું વધારે ઉચિત લાગશે) આપણા ધર્મ પર કેટલો ખરાબ પ્રભાવ પડતો રહ્યો છે અને તેઓ (ઈસાઈઓ) અતિશય ધગશ સાથે એ બધુ જ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે જે તેઓ દ્વારા મોટા પાયા પર બની રહ્યું છે. પરંતુ તેઓએ પણ હજી ઘણું સત્ય જાણવું બાકી છે કારણ કે તેઓને સત્ય પ્રાપ્ત નથી. જયારે તેઓને હકીકતોનું, સચ્ચાઈનું (વાસ્તવીકતાઓનું) જ્ઞાન થશે ત્યારે તેઓની વિચારધારામાં પણ કાયા પલટની વિશેષ સંભાવના છે. ત્યારે તેઓમાંથી કેટલાક સનાતન ધર્મની રક્ષા માટે જી–જાન થી પ્રયત્નમાં લાગી જશે, અને ત્યારે તેઓ પાસે અન્ય કશું પણ મહત્વપૂર્ણ નહિ રહી જાય. તેઓનું એક માત્ર લક્ષ સનાતન ધર્મની રક્ષા રહી જશે અને તેઓ પોતાનું બધું જ આ એક માત્ર ઉદેશ્ય માટે દાવ પર લગાવી દેશે.

> "તેઓને ભૂખથી તડપાવો, અને તેઓના શરીરોને આગની લપેટોને ગળી જવા દો, તેઓના મૃત્યુ અત્યંત દુઃખદ થાવ, હું પણ એવા જાનવરોને મોકલીશ જેઓના દાંત તેઓના શરીરમાં ઉતરશે અને એવા સાપોને મોકલીશ જેઓના વિષ તેઓને ધૂળ ચટાડશે. તલવાર વગર તેઓના હૃદયમાં આંતક ભરી દો, નષ્ટ કરી દો જવાન મર્દોને, કુમારિકાઓને, માનુ દૂધ પિતા નાના બાળકોને અને વૃદ્ધોને જેઓના વાળ પાકી ચૂકેલા છે"

પવિત્ર બાઈબલ–ઓલ્ડટેસ્ટામેન્ટ–ડિઉટેરોનોમી–૩૨:૨૪–૩૨:૨૫

*જે માતાના સ્તનથી લપેટાઈ દૂધ પીતું બાળક હોય – જે પોતાની ભૂખ મીટાવી રહ્યું હોય અથવા જે એક વૃદ્ધ હોય કે જેનો એક પગ કબરમાં હોય તેમાં શું ફર્ક પડે છે? તે આપણામાંથી કોઈ એક ન હોવાથી તેઓની કતલ કરી નાખો.*

## મૂળ તથ્ય "તમે અમારામાંના કોઈ એક નથી"

*હે શિક્ષકો, બુદ્ધિજીવીઓ અને ધર્મોપદેશકો! શું હજુ સુધી તમને તેઓનો સંદેશ પ્રાપ્ત નથી થયો? સંદેશ ઘણો સ્પષ્ટ જ છે "તમે અમારામાંના કોઈ એક નથી" તો પણ તમારામાંથી કેટલાયે હજુ*

*એવા છે કે તે એમ જ કહેવું પસંદ કરે છે કે આ ધર્મ પણ આપણને ઈશ્વર સુધી પહોંચાડે છે. શા માટે તમે આ કડવા સત્યથી (વાસ્તવિકતાથી) આંખ આડા કાન કરતા રહેવા ઈચ્છો છો? આ બન્ને ધર્મો ઈશ્વરના સંદર્ભમાં બે અલગ અલગ વિચારધારાઓ ઉપર આધારિત છે. એક એવા ઈશ્વરની વાત કરી રહ્યો છે જેનું હ્રદય તિરસ્કાર (ધૃણાથી) થી ભરેલુ છે અને બીજો એ ઈશ્વરની વાત કરે છે કે જે ઈશ્વરનું હ્રદય પ્રેમથી છલોછલ ભરેલુ છે!*

જે ભોળા હિન્દુઓ તમારા પર વિશ્વાસ મુકી રહ્યા છે તેઓ સાથે તમે આવું શા માટે કરો છો? શું એટલા માટે કે તમે જાણી ચૂકયા છો કે આ વિધિ (જે તમોએ અપનાવી છે) મોટી ફળદાયક છે. હિન્દુઓ કે જે આપ પર સંશય કરતા નથી અને વિચારે છે કે આપ મોટા મહાન ધર્મોપદેશક છો તેઓ વિચારે છે કે આપ અમને જીવનના વિષયમાં સાઢં શિક્ષણ આપો છો, અમને પ્રેમનો પાઠ ભણાવો છો, અમે પૂરી શ્રદ્ધાથી આપનુ જ અનુકરણ કરીશું, અને આપના જીવનનિર્વાહ માટે અને આપના પ્રચાર પ્રસાર માટે અમારી આ ભેટ જે અમે આપને અર્પણ કરીએ છીએ તેને સ્વીકારો.

*જે હિન્દુઓ આપનામાં સંદેહ રહિત થઈ "બધા ધર્મો સમાન છે" અને "બધાજ ધર્મોને પ્રેમ કરવાનું શિક્ષણ આપે છે" એ વાત પર વિશ્વાસ કરવાનું શીખે છે તેનું શું થાય? આ પ્રકારે આપ તેઓ (હિન્દુઓને) ને સંપૂર્ણ રીતે નિઃશસ્ત્ર કરી દો છો. જે ઓછામાં ઓછી સાવધાનીની જરૂર છે તેને પણ તે હિન્દુ અભરાઈએ ચડાવી દે છે. એક તરફ એક ચાલાક લોમડી એવું તાકીને બેઠી છે કે કયારે હું તેને ખાઈ જાવ અને આપ એને શીખવાડો છો કે તેનું બન્ને હાથ ફેલાવી ગળે લગાવી સ્વાગત કરો. આપની વિચારધારા કેટલી મહાન છે કે " ઈશ્વરનો નિવાસ બધા જીવોની અંદર સમાન છે." તેથી જો લોમડીમાં પણ એવી જ રીતે ભગવાન છે જેવી રીતે તારામાં છે – તેથી તુ એ લોમડીને ગળે લગાવ!*

*જયારે "આપણે એ ધર્મોને મહાનતા પ્રદાન કરવી જોઈએ" કારણ કે એ આપણી મહાનતાનું દ્યોતક છે. એમ આપણે આપણી જાતને ફોસલાવતા રહીએ ત્યારે શું આપણે આપણા પ્રતિ ન્યાય કરી રહ્યા છીએ? આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે શું આ વાત આપણી મહાનતા તરફ સંકેત કરી રહી છે? કે પછી આપણી મૂર્ખતા તરફ? ઈશ્વરે આપણને આપણા ખભા પર એક મસ્તિષ્ક આપેલુ છે અને તે (ઈશ્વર) આપણી પાસે આશા રાખે છે કે આપણે તેનો આપણા હિતોની રક્ષા માટે સદુપયોગ કરીએ. આપણે એટલા ભોળા ન થવું જોઈએ કે આપણે એ પશ્ન (સમસ્યા) જે આપણી નજરની સામે જ છે તેને જોવાથી પણ ઈન્કાર કરી દઈએ.*

*આપને એ વાતની પ્રતીતિ થવી જોઈએ કે આપ આપના સંતાનોને એક એવી વિચારધારા સાથે પાળીને મોટા કરો છો જે વિચારધારા ભારે અસત્યના આધાર પર ઊભી હોય અને ત્યારબાદ આપ તેઓ (આપણા સંતાનો) તરફથી એવી આશા કયા આધારે રાખી શકો કે તેઓ મોટા થઈને પોતાના પ્રત્યે અને સમાજ પ્રત્યે સત્યનિષ્ઠ હોય? જયારે આપ તેઓને તેઓની વિચારધારા અને સમજણને એક "મહાન અસત્ય" ઢાંકીને તેઓને નિઃસહાય કરી દો છો ત્યારે મૂળભૂત રીતે આપ આપના ઉત્તરાધિકારીઓના રૂપમાં કાયર પુરુષો અને પાખંડીઓનો એક સમૂહ ઊભોકરો છો. કૃપા કરીને આપ સત્ય હકીકતોને જાણો અને પોતાની જાત તરફ અને સમાજ તરફ સત્યનિષ્ઠ બનો અન્યથા ઈતિહાસ આપને કયારેય માફ નહિ કરે.*

# અમારા સિવાય કોઈને પણ ધરતી પર જીવવાનો અધિકાર નથી

> તમને ભગવાને જે શહેરોના ઉત્તરાધિકારી બનાવ્યા છે તે શહેરોના લોકોને સંપૂર્ણ પણે નષ્ટ કરી દેવા.
>
> પવિત્ર બાઈબલ–ઓલ્ડટેસ્ટામેન્ટ–ડિઉટેરોનોમી–૨૦:૧૬–૨૦:૧૭

*ધર્મ પરિવર્તન? પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેઓને એ યોગ્ય જ ન છોડો કે તેઓ જીવવાને પાત્ર રહે.* ***એક આપણા સિવાય કોઈને પણ આ અધિકાર નથી કે આ ધરતી પર જીવે. આ જ યહૂદી ધર્મની વિચારધારા!*** *શું બધાજ રસ્તાઓ એક જ ઈશ્વર તરફ લઈ જાય છે? શું તેઓ બધા (ધર્મો) એક જ ઈશ્વરની વાત કરે છે? બાઈબલના ઈશ્વરનું વ્યકિતત્વ અને ભગવદ્ગીતાનાં ઈશ્વરનું વ્યકિતત્વ આટલું અલગ? એવું શા માટે? તે હિન્દુઓને એવુ કહીને કે તમારી આંખો પર પટ્ટીઓ બાંધી દો તમારા કાનને બંધ કરી દો, તમારા હોઠોને સીવી લો, અને આ પ્રકારે તેઓને પૂર્ણ રીતે નિઃસહાય કરી દો જેથી તેઓ આત્મરક્ષણ પણ ન કરી શકે અને માત્ર પોતાની અંદર જ જોતા રહે જેથી તેઓ મોક્ષ તરફ આગળ વધતા રહે. આ રીતે શું આપણે હિન્દુઓને ન્યાય કરીએ છીએ?*



# અને અહિં સ્થાયિત્વનું મૂળ છૂપાયેલું છે

" આ છે બાઈબલના ગોડ (ઈશ્વર) ના વિધાનો (કાનૂન) જેનું તમે જયાં સુધી આ પૃથ્વી પર જીવશો ત્યાં સુધી તેનુ પાલન કરશો."

પવિત્ર બાઈબલ–ઓલ્ડટેસ્ટામેન્ટ–ડિઉટેરોનોમી–૧૨:૧

*જયાં સુધી યહૂદી અને ઈસાઈ આ ધરતી ઉપર વાસ કરશે ત્યાં સુધી આ ઈશ્વરીય વિધાનનું – જે આ ઘૃણાની પ્રવૃત્તિને અને આ વિનાશકારી મનોવિકારને સ્થાયી રૂપ આપે છે કારણ કે તેઓ બાઈબલને એક પવિત્ર બાઈબલ માને છે પછી ભલે એ બાઈબલ આપને સાંભળવામાં ગમે તેટલું અપવિત્ર લાગતુ હોય. પરિસ્થિતિઓ ભલે બદલાઈ જાય, ચારે બાજુનું વાતાવરણ ભલે બદલાઈ જાય પરંતુ તેઓની આ ઘૃણાની પ્રવૃત્તિ અને વિનાશનો કાર્યક્રમ કયારેય બદલાવી શકશે નહિ. જેમ જેમ આપણે આ લેખો સાથે આગળ વધીશું તેમ તેમ આ વાતનો આપને આનુભવ થશે. ત્યારથી લઈ અને આજ સુધી તેઓ મૂળમાં બદલાયા નથી. જો કંઈ બદલાયું હોય તો તે સમય અને વાતાવરણ. તો આ તેઓનો દેખાવ છે. તેઓના આ મહોરાને હટાવી અમે આપને બતાવીશું કે તેની (મહોરાની) પાછળ શું છૂપાયેલું છે (વાંચો પુસ્તક નં.૪) જો આપ ઈચ્છો તો આપ આપની યાત્રા મારી સાથે ચાલુ રાખો – મરજી આપની.*

**પ્રશ્ન ઉદ્ભભવે છે :–**

- **તેઓના ઈશ્વરના વિધાનો શું બાઈબલના પાનાઓ સુધીજ મર્યાદિત રહ્યા?**
- **કે પછી તેઓએ તેનું પોતાના આચરણો દ્વારા અક્ષરશઃ પાલન કર્યુ?**
- **અને આચરણ કર્યુ તો કયાં સુધી કરતા રહ્યા?**
- **કોની સાથે આચરણ કરતા રહ્યા?**
- **અને કયા પ્રકારથી આચરણ કરતા રહ્યા?**

*ઈસાઈઓએ આ વિધાનોનું ઘણા જ ઉત્સાહ સાથે પાલન કર્યુ, સદીઓ વીતી ગઈ પણ તેઓ તેને ભૂલ્યા નથી. તેઓના બિભત્સ કાર્યકલાપોનો શિકાર ગોવાના હિન્દુ બ્રાહ્મણો બન્યા. આ કાર્યક્રમ ઈ.સ.૧૫૬૦ થી ૧૮૧૨ સુધી કોઈ પણ અડચણ વગર બસો વર્ષ સુધી ચાલતો રહ્યો. જે મસ્તિષ્કમાંથી આ કાર્યકલાપોની ઉત્પતિ થઈ એ વ્યકિતને આજે ઇસાઈઓ એક સંતના રૂપમાં જાણે છે અને એક આદર્શના રૂપમાં માને છે.*

"ધ એમ્પાયર ઓફ ધ સોલ" માં પોલવિલિયમ્સ રોબર્ટસને લખ્યું છે કે –

(૧) માતા–પિતાની નજર સામેજ તેના બાળકોને કોરડા મારવામાં આવતા અને તેના શરીરના ટૂકડે–ટૂકડા કરી નાખવામાં આવતા. માતા–પિતાની આંખોની પાપણોજ ઊખાડી નાખવામાં આવતી જેથી તેઓ પોતાની આંખોને બંધ ન કરી શકે. બાળકો છટપટાતા રહેતા (ઈસાઈ ન બનવાના દંડ સ્વઢપ). માતા–પિતાઓ આ બિભત્સ દશ્ય પોતાની આંખોની સામે જોતા રહે તે માટે તેઓને વિવશ કરવામાં આવતા. બહુજ સાવધાની સાથે માતાપિતાના હાથ–પગ કાપી નાખવામાં આવતા,

માત્ર તેઓના પેટથી લઈ માથા સુધીનો ભાગ બાકી રહેતો, બન્ને હાથ પગ કપાયેલા રહેતા અને આંખોની પાંપણો ઉખાડી નાખવામાં આવતી જેથી તેઓ બેહોશ ન થાય અને સભાન પણે આ બધુ જોઈ શકે.

(૨) પુરુષોની જનનેન્દ્રિયને કાપી નાખવામાં આવતી અને તેઓની પત્નીઓની સામે સળગાવી દેવામાં આવતી.

(૩) સ્ત્રીઓના સ્તનોને કાપી નાખવામાં આવતા અને તેઓની યોનીમાં તલવાર ઘુસાડી દેવામાં આવતી. તેઓના પતિને આ ઘૃણિત કાર્યને જોતા રહેવા માટે મજબૂર કરવામાં આવતા અને આ સિલસિલો બસો બાવન વર્ષ સુધી ચાલતો રહ્યો.

લેખ સંદર્ભ – ધ સેંટ બિઝનેસ, રાજીવ શ્રીનિવાસન, અંગ્રેજી હિન્દુવોઈસ નવેમ્બર – ૨૦૦૩

Paul William Roberts, *The Empire of the Soul*, Harper Collins 1999

## તે ઈર્ષાળુ ઈશ્વર જે અન્ય ઈશ્વરને સહી શકતો નથી

"તમે અન્ય કોઈ ભગવાનની પૂજા સેવા ન કરો કારણ લોર્ડ કે જેનુ નામ ઈર્ષ્યાળુ છે તે એક ઈર્ષાળુ ગોડ છે."

પવિત્ર બાઈબલ–ઓલ્ડટેસ્ટામેન્ટ–એકસોડસ–૩૪:૧૪

આપ આપની જાતને પૂછો કે આ ઈશ્વર એવી કોઈ પણ વ્યકિતને કેવી રીતે સહન કરી શકે કે જે કોઈ અન્ય ઈશ્વરના પૂજક હોય? જયારે આપ બીજાને મૂર્ખ બનાવો છો ત્યારે આપ તેનું નુકસાન કરો છો પણ જયારે આપ પોતાને જ મૂર્ખ બનાવો છો ત્યારે આપ પોતાને જ નુકસાન પહોચાડો છો. આપમાંથી કોઈ એવી દલીલ કરવા માગે કે બીજાને મૂર્ખ બનાવવા કરતા જાતે મૂર્ખ બનવું સારૂં છે. તો હું આપને એ નથી કહેતો કે તમે બીજાને મૂર્ખ બનાવો. હું આપને એ કહી રહ્યો છું કે આપ આપને પોતાને છેતરો નહિ.

*કેટલીક વ્યકિત એ કહેવાનું બહુ પસંદ કરે છે કે ઈશ્વરનું જ્ઞાન જ સાચું જ્ઞાન છે. આમાં મને કોઈ વાંધો નથી. પણ પહેલા જમીન પર તો આવો! પહેલા એ તો જાણી લો કે સત્ય શું છે અને અસત્ય શું છે!? ત્યારબાદ એ "સાચા" જ્ઞાન વિષે વિચારો. સાધારણ સત્યનું જ્ઞાન આપણા માટે અભિશાપ બની રહ્યું છે, તેથી પહેલા, ધરતી પર પગ રાખી પછી ભલે પોતાના ધર્મોપદેશકોની સાથે સાચા જ્ઞાનના આકાશમાં ઊડો. આપને એક મજબૂત જમીનની જરૂર છે જેના પર આપ ચાલી શકો અને ચાલતા રહી શકો. જો આપ ઈશ્વરીય આનંદમાં મત્ત થઈ અને જેઓ આપની પીઠ પાછળ છરી ભોંકી દેવા માટે તાંકીને બેઠા છે તેઓ બધાના વિષયમાં – પોતાને ભૂલાવી દેશો તો પછી કાંતો આપની પાસે અથવા આપના સંતાનોની પાસે એ જમીન પણ નહિં રહે જેના પર આપ ચાલી શકો!*

---

**નોંધ :** સંભવ છે કે આપના મનમાં એ પ્રશ્ન ઉઠે કે યહૂદીઓ તો નિર્દોષ છે જેઓ નાઝીઓ દ્વારા ત્રસ્ત હતા. જયારે આપણે ભારતમાં વસેલા યહૂદીઓની તરફ દષ્ટિ કરીએ છીએ તો તેઓને સર્વદા શાન્તિ જોઈએ છીએ. યહૂદીઓએ તો ભારતપર કયારેય હુમલો નથી કર્યો. પરંતુ અત્યાર સુધી આપણે જે ઉપર મુજબ વાંચ્યુ તે બધાનો આ ધારણાઓ સાથે મેળ ખાતો નથી. એવું શા માટે? આ પ્રશ્નનો જવાબ આ પુસ્તક ના બીજા ખંડમાં આપને પ્રાપ્ત થશે.